# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વોશિંગ્ટન પહોંચ્યા - અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે

**2)** આજે લોકસભામાં આવકવેરા બિલ, 2025 રજૂ થશે.

**3)** જાન્યુઆરીમાં છૂટક ફુગાવો ઘટીને 4.31 થયો, જે પાંચ મહિનામાં સૌથી નીચલા સ્તરે છે

**4)** આજે વિશ્વ રેડિયો દિવસઃ સમાચાર અને માહિતીના પ્રસાર દ્વારા રાષ્ટ્રના સાંસ્કૃતિક વિકાસમાં રેડિયોની મહત્વપૂર્ણ ભૂમિકા

**5)** મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સરળ મુસાફરી માટે, હવે સંગમ સુધી પહોંચવા ઇ-રિક્ષા અને ઓટો રિક્ષા સાથે શટલ બસો ઉપલબ્ધ થશે.

**6)** અને, ભારતે ત્રણ મેચની ODI શ્રેણીની અંતિમ મેચમાં ઇંગ્લેન્ડને 142 રનથી હાર આપી 3-0થી શ્રેણી જીતી લીધી.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-AMERICA VISIT PAGE-1

ફ્રાન્સની સફળ મુલાકાત પૂર્ણ કર્યા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વોશિંગ્ટન પહોંચ્યા છે. શ્રી મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે. અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રા અને અન્ય અધિકારીઓએ એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું. કડકડતી ઠંડી વચ્ચે શ્રી મોદીનું સ્વાગત કરવા માટે ભારતીય સમુદાય બ્લેર હાઉસની બહાર હાજર હતો. શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી, શ્રી મોદી અમેરિકાની મુલાકાત લેનારા પ્રથમ મુખ્ય વિશ્વ નેતાઓમાંના એક છે. અમેરિકાની મુલાકાત માટે રવાના થતા પહેલા શ્રી મોદીએ કહ્યું કે, તેમની અમેરિકા મુલાકાત બંને દેશો વચ્ચે સહયોગને આગળ વધારવા અને ભાગીદારીને વધુ ગાઢ બનાવવાના તેમના પ્રથમ કાર્યકાળના એજન્ડા પર આધારિત હશે.

અગાઉ, પ્રધાનમંત્રીએ પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બંને નેતાઓએ સંરક્ષણ, પરમાણુ ઊર્જા અને અવકાશ જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરી. તેમણે ટેકનોલોજી, નવીનતા અને રોકાણ સંબંધોને પ્રોત્સાહન આપવા અંગે પણ ચર્ચા કરી, જેમાં આગામી વર્ષે ભારત-ફ્રાન્સ નવીનતા વર્ષ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

શ્રી મોદીએ ગઈકાલે ઉચ્ચ સ્તરીય કાર્યક્રમોની શ્રેણી બાદ માર્સેની મુલાકાત લીધી હતી, જેમાં ફ્રેન્ચ રાષ્ટ્રપતિ સાથે મિકેનિકલ ઇન્ટેલિજન્સ એક્શન

સમિટની સહ-અધ્યક્ષતાનો સમાવેશ થાય છે. બંને નેતાઓએ માર્સેમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો પણ કરી.

ભવિષ્યના સહયોગની રૂપરેખા આપતા સંયુક્ત નિવેદનના ભાગ રૂપે, પરમાણુ ઊર્જા, પર્યાવરણ અને સંસ્કૃતિના ક્ષેત્રો સહિત દસ મુખ્ય કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. પ્રધાનમંત્રી મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનએ માર્સેમાં નવા ભારતીય દૂતવાસનું  સંયુક્ત રીતે ઉદ્ઘાટન કર્યું.

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ ગઈકાલે માર્સેમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનએ યુરોપ, પશ્ચિમ એશિયા અને ઈન્ડો-પેસિફિકમાં તાજેતરની ભૂ-રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી.

# LS -BILL

આજે લોકસભામાં આવકવેરા બિલ, 2025 રજૂ થવાનું છે. આવકવેરા સંબંધિત કાયદાને એકીકૃત કરવા અને તેમાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે લાવવામાં આવેલ આ બિલને ગૃહની કાર્યવાહીમાં સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતાના બજેટ ભાષણમાં નવા આવકવેરા બિલની જાહેરાત કરી હતી. તેમણે એવી પણ જાહેરાત કરી કે, 12 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા લોકોએ કોઈ આવકવેરો ચૂકવવો પડશે નહીં.

વકફ (સુધારા) બિલ, 2024 પર સંયુક્ત સમિતિનો અહેવાલ પણ આજે લોકસભા અને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. આજે સંસદના બજેટ સત્રના પહેલા ભાગનો છેલ્લો દિવસ છે.

# INFLATION

જાન્યુઆરીમાં છૂટક ફુગાવો ઘટીને 4.31 થયો, જે પાંચ મહિનામાં સૌથી નીચલા સ્તરે છે. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થવાને કારણે છૂટક ફુગાવામાં આ ઘટાડો નોંધાયો હતો. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, શહેરી વિસ્તારોમાં ફુગાવો 3.87 ટકા હતો, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે 4.64 ટકા હતો.જાન્યુઆરીમાં માલ અને સેવાઓ અને ખાદ્ય ફુગાવામાં ઘટાડો મુખ્યત્વે શાકભાજી, ઈંડા, કઠોળ અને અનાજ અને તેના ઉત્પાદનો, કપડાં અને શિક્ષણ અને આરોગ્ય સેવાઓના ભાવમાં ઘટાડાને કારણે થયો હતો.

# WORLD-RADIO-DAY-AKASHVANI PAGE-1

આજે વિશ્વ રેડિયો દિવસ છે. દર વર્ષે 13 ફેબ્રુઆરીએ, વિશ્વ રેડિયો દિવસ લોકોમાં રેડિયોના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને રેડિયો દ્વારા માહિતી મેળવવા માટે પ્રોત્સાહિત કરવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસ રેડિયોની અનોખી શક્તિને યાદ કરવાનો પણ છે જે જીવનને સ્પર્શે છે અને વિશ્વના દરેક ખૂણાના લોકોને એકસાથે લાવે છે. આ વર્ષે વિશ્વ રેડિયો દિવસનો વિષય છે - રેડિયો અને આબોહવા પરિવર્તન.

યુનેસ્કોના ડિરેક્ટર જનરલ ઓડ્રે અઝોલેએ વિશ્વ રેડિયો દિવસ પરના પોતાના સંદેશમાં જણાવ્યું કે, વિશ્વ રેડિયો દિવસ એ સંદેશાવ્યવહારના આ સ્થાયી, બહુમુખી અને વ્યાપક પણે સુલભ માધ્યમની ઉજવણી કરવાની તક છે.

તેમણે કહ્યું કે, આ વર્ષે, અમે ઝડપથી બદલાતી દુનિયામાં આબોહવા વિક્ષેપની અસરોને અનુકૂલન કરવા અને ઘટાડવા માટે રેડિયો જે વિવિધ રીતે કાર્ય કરે છે તેને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છીએ.

વિશ્વ રેડિયો દિવસ પરના પોતાના સંદેશમાં, પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સહગલે જણાવ્યું કે, સમાચાર અને માહિતીના પ્રસાર દ્વારા, રાષ્ટ્રના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં રેડિયોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેમણે કહ્યું કે, બહુજન હિતાય બહુજન સુખાયના સૂત્ર સાથે, વિશ્વનું સૌથી મોટું રેડિયો નેટવર્ક આકાશવાણી દેશના લોકો સુધી પહોંચી રહ્યું છે.

***(BYTE: અધ્યક્ષ પ્રસાર ભારતી)***

શ્રોતાઓને શુભેચ્છા પાઠવતા, પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદીએ કહ્યું કે, એક તરફ, આકાશવાણી ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાઓનું વાહક રહ્યું છે અને બીજી તરફ, તેણે ભારતમાં વૈજ્ઞાનિક પ્રગતિની યાત્રા સાથે મોટા પાયે લોકોને જોડ્યા છે. તેમણે કહ્યું કે, રોજિંદા જીવનનું ભાગ્યે જ કોઈ પાસું હશે જે આકાશવાણીથી અસ્પૃશ્ય રહ્યું હોય.

વિશ્વ રેડિયો દિવસ પર શુભેચ્છા પાઠવતા, આકાશવાણીના મહાનિર્દેશક ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌરે જણાવ્યું કે, લગભગ નવ દાયકાથી આકાશવાણી માહિતી, શિક્ષણ અને મનોરંજન સાથે શ્રોતાઓ સુધી પહોંચી રહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# CRICKET

**ક્રિકેટમાં, ભારતે ત્રણ મેચની ODI શ્રેણીની ત્રીજી મેચમાં ઇંગ્લેન્ડને 142 રનથી હાર આપી 3-0થી શ્રેણી જીતી લીધી છે. અગાઉ, બેટિંગ કરતાં ભારતીય ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 356 રન બનાવ્યા.**

**શુભમન ગિલની 112 રનની અવિશ્વસનીય સદી અને વિરાટ કોહલી અને શ્રેયસ ઐયરની અડધી સદીથી આ શાનદાર સ્કોર મજબૂત બન્યો. કે. એલ રાહુલના 29 બોલમાં 40 રન પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. ઇંગ્લેન્ડે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો.**

# MAHAKUMBH

હવે મહાકુંભના  સમાચાર..

(MAHAKUMBH OPNING MUSIC)

પ્રયાગરાજ મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે, હવે સંગમ સુધી પહોંચવા માટે ઇ-રિક્ષા અને ઓટો રિક્ષા સાથે શટલ બસો ઉપલબ્ધ થશે.

આ નિર્ણય પોલીસ કમિશનર દ્વારા પોલીસ અધિકારીઓ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં લેવામાં આવ્યો હતો. માઘ પૂર્ણિમા નિમિતે ગઇકાલે 2 કરોડથી વધુ ભક્તોએ ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું હતું.

*(BYTE: ABHISHEK-KUMBH-CAP)*

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનીલ પટેલ

- રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી દરમિયાન મતદારોને મફતમાં સુવિધાઓ અને યોજનાઓની થતી જાહેરાત સામે સુપ્રીમ કોર્ટની નારાજગીનાં સમાચારને ગુજરાત સમાચાર, સંદેશ, ફુલછાબ અને ઇન્ડિયન એક્સપ્રેસે મુખ્ય શિર્ષક બનાવ્યું છે. ગુજરાત સમાચારનું હેડિંગ છે- મફત સુવિધાઓ આપી લોકોને પરાવલંબી ના બનાવોઃ સુપ્રીમ કોર્ટ
- ફુલછાબનું શિર્ષક છે- મફત રેવડી ભારતને મોંઘી પડશે.
- મહાકુંભ અંગેનાં સમાચાર પણ આજનાં અખબારોમાં તસવીર સાથે પ્રકાશિત થયા છે.નવગુજરાત સમયની હેડલાઇન છે- બે કરોડથી વધુ શ્રધ્ધાળુઓએ માઘ પૂર્ણિમાનું સ્નાન કર્યું
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાતના સમાચાર પણ હેડલાઇનમાં જોવા મળે છે. ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે આ સમાચારને હેડલાઇન બનાવી છે.
- આજે સંસદમાં નવું આવકવેરા વિધેયક અને વક્ફ માટે બનાવેલી સંયુક્ત સંસદીય સમિતિનો અહેવાલ સંસદમાં રજૂ કરવામાં આવશે, રિટેલ ફુગાવામાં ઘટાડો-આ સમાચાર મોટા ભાગનાં અખબારોમાં પ્રથમ પાને જોવા મળે છે.
- ટોરેન્ટ જુથ દ્વારા IPL ની ગુજરાત ટાઈટન્સ ટીમની 7 હજાર 500 કરોડમાં ખરીદી અંગે ના સમાચાર પણ તમામ અખબારોએ પ્રકાશિત કર્યા છે.
- કોમેડિયન સમય રૈનાના ગુજરાતનાં તમામ શો રદ કરાયા- આ સમાચાર તમામ અખબારોનાં સ્થાનિક પાનાઓ પર પ્રકાશિત થયા છે.